

ગાંધીનગરમાં પાનખરની ઋતુના કારણે ચારે તરફ પાંદડાઓનું સામ્રાજય ફેલાયું હોય તેવું લાગે છે. સુકા પાંદડાઓથી આખેઆખા માર્ગો ભરાયેલા જોવા મળે છે. સુર્યના તડકામાં ચમકતા પાંદડાઓ અદભૂત દશ્ય ખડું કરે છે.

# કલોલ શુકન એવન્યુની દુકાનમાં ધમધમતુ જુગારધામ ઝડપાયું

## ૧૦ જુગારીને રૂ.૬૮ હજારના મુદ્દામાલ સાથે પોલીસે ઝડપી પાડ્યા

ગાંધીનગર,તા.૨૪

કલોલ સ્થિત શુકન એવેન્યુ કોમ્પ્લેક્ષમાં ભાડાની દુકાનમાંથી જુગાર રમતા ૧૦ શકુનીઓને એલસીબી પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે શકુનીઓ પાસેથી રોકડા રૂ.૬૩ હજાર તેમજ પાંચ મોબાઈલ મળી કુલ રૂ.૬૮,૧૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ શકુનીઓ સામે જુગારધારા મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

કલોલ સિંદબાદ હોટલ નજીક આવેલા શુકન એવન્યું કોમ્પ્લેક્ષની પ્રફુલ પટેલની દુકાન નં.૧૦૯ માં જુગાર ધમધમતુ હતું. આ જુગારધામ સેકટર-૨૮ ચરેડી છાપરા ખાતે રહેલો સલીમ અબ્દુલ મનસુરી દુકાન ભાડે રાખી ચલાવતો હતો. ત્યારે એલસીબી પોલીસ પેટ્રોલીંગમાં હતી તે સમયે બાતમી મળતા રેઈડ પાડી હતી. જયારે દુકાનમાંથી જુગાર રમતા પ્રફુલભાઈ વિષ્ણુભાઈ પારેખ (રહે.લાંઘણજ, સ્વામીનારાયણ વાસ, તા.જી.મહેસાણા), અજયકુમાર ઘનશ્યામભાઈ બ્રહ્મભટ્ટ (રહે. વાળંદવાસ, ખોડીયાર માતાના મંદિર પાસે ખંભાત), રજનીભાઈ કાળુભાઈ પટેલ (કોઠારી) રહે. મકાન નં.૨૭ વરણીરાજ સોસા નિકોલ



અમદાવાદ), ઈમ્તિયાઝ અબ્દુલમજીદ પઠાણ (રહે.મકાન નં.૩૦૬ હાજી સુલેમાન સોસા મસ્તાન મસ્જિદ, અંબર ટાવર સરખેજ) , અજયકુમાર ચંદુભાઈ પટેલ (મકાન નં.૫ હિમાલય હોમ્સ ગોજારીયા), પ્રવિણ જશુજી ખેર (રહે-ગોજારીયા પરામાં તા.,જી. મહેસાણા), જીગ્નેશ રતિલાલ પટેલ (રહે. ટાવર ચોક પરામાં ગોજારીયા), કેતન ભાયચંદ પટેલ (રહે.હાઈ વે માર્ગ સીએનજી પંપની સામે), પરેશ મનહર શાહ (રહે. મકાન નં.૨૯૬ નયનનગર સોસા,કૃષ્ણનગર), સલીમ અબ્દુલ મન્સુરી ( રહે.ચરેડી છાપરા સેકટર-૨૮ ગાંધીનગર) ને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓ પાસેથી દાવ પરથી અને અંગજડતી દરમિયાન રોકડ મળી કુલ રૂ.૬૩,૧૦૦ અને પાંચ મોબાઈલ મળી કુલ રૂ.૬૮,૧૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી પોલીસે આગળની તપાસ આદરી છે.

# ઈકો ગાડીનો કાચ તોડી ચોરી કરનાર મહિલા અને શખ્સ ઝડપાયા

ગાંધીનગર, તા.૨૪

શહેરના સેકટર-૨૮ વસંતકુંવરબા સ્કુલ નજીકથી અંદાજે અઢી માસ અગાઉ ઈકો ગાડીનો કાચ તોડી તેમાંથી સોનાનું મંગળસુત્ર, મોબાઈલ ફોન, સાડી, બ્લાઉઝ, બે ઘડીયાળ, બગસરાની બુટ્ટીનો સેટ સહિતની ચીજવસ્તુની ચોરી થઈ હતી. પોલીસે સેકટર-૨૪ શાકમાર્કેટ પાસેથી મહિલા અને એક શખ્સને રૂ.૧,૧૫,૫૬૦ ના મુદ્દામાલ સાથે દબોચી પાડી ચોરીના ગુનાનો ભેદ ઉકેલી દીધો છે.







સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ ડી.એસ.રાઓલ અને ટીમના સભ્યો પેટ્રોલીંગમા હતા. તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ અનુપસિંહ અને કોસ્ટેબલ જીગ્નેશકુમારને બાતમી મળી હતી કે સેકટર-૨૪ શાકમાર્કટ પાસે જીતુભાઈ અજયભાઈ દંતાણી (રહે.આરાધના સ્કુલ સામે છાપરામાં સેકટર-૨૩ ગાંધીનગર),સોનલબેન અશોક દંતાણી (રહે. કડી સ્કુલની બાજુમાં છાપરામાં સેકટર-૨૩ ગાંધીનગર)ને શકમંદ હાલતમાં પકડી પાડ્યા હતા. પોલીસે મહિલા પાસે રહેલુ લેડીઝ પર્સ ચેક કરતા તેમાંથી એક મોબાઈલ ફોન, સાડી,બ્લાઉઝ, બે ઘડીયાળ, બગસરાની બુટ્ટીનો સેટ અને એકસોનું મંગળસુત્ર મળી કુલ રૂ.૧,૧૫,૫૬૦ નો મુદ્દામાલ મળી આવ્યો હતો.પોલીસે મહિલા પાસેથી તમામ ચીજવસ્તુઓ અને સોનાના મંગળસુત્રના પુરાવા માંગતા તે યોગ્ય જવાબ આપી શકી ન હતી. પોલીસે ઉંડાણપૂર્વક તપાસ કરતા આજથી અઢી માસ અગાઉ સેકટર-૨૮વસંત કુંવરબા સ્કુલ નજીક પાર્ક કરેલી ઈકો ગાડીના કાચ તોડી તેમાંથી ચોરી કર્યાની હકીકત જણાવી હતી.પોલીસે રેકર્ડ અંગે તપાસ કરતા સેકટર-૨૧ પોલીસ મથકે ગુનો નોંધાયો હતો. પોલીસે બંન્ને આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

# અમીયાપુરમાંથી ચાર શકુની ઝડપાયા

ગાંધીનગર,તા.૨૪

ગાંધીનગર અમિયાપુર ગામે આંબલીના ઝાડ નીચે ખુલ્લી જગ્યામાં બાજી માંડીને બેઠેલા ચાર શખ્સો અડાલજ પોલીસના હાથે ઝડપાયા છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૧૭,૩૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના સ્ટાફના જવાનો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમિયાન અમીયાપુર ગામના પાટીયા પાસે આવતા ખાનગી રાહે બાતમી મળી હતી કે અમીયાપુર ગામે આંબલીના ઝાડ નીચે ખુલ્લામાં ટેકરીવાસમાં કેટલાક શખ્સો જુગારની બાજી માંડીને ગોળ કુંડાળુ કરીને બેઠા છે. પોલીસો બાતમીવાળી જગ્યા પર રેઈડ પાડતા જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. પોલીસે તમામ જુગારીઓને પકડી પાડ્યા હતા. તેઓનું નામ પુછતા આશિષ વજેલાલ રાવલ (ઉં.૪૨, રહે, ઈ-૬૦૪ અનંત સ્કાય પીંક સીટી રાણીપ અમદાવાદ), અમીયાપુર ગામના વિક્રમ ઉમેદજી ઠાકોર, ગામના મહેન્દ્ર ચંદુજી ઠાકોર અને ચાંદખેડા રહેતા શેરસિંહ ઉદેસિંહ શર્મા (ઉં.૪૬ જી.૨૬ કલ્પનાનગર જનતાનગર ચાંદખેડા) હોવાનું જણાવ્યું હતું. જયારે પોલીસે દાવ પરથી રોકડ રૂ.૨,૯૭૦ તેમજ અંગજડતી દરમિયાન રોકડા ૧૪,૩૫૦ મળી કુલ રૂ.૧૭,૩૨૦ મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘટતાં તંત્રએ રાહતનો દમ લીધો છે.
- ગાંધીનગર મનપા દ્વારા આજે સેકટર-૨૪માં સફાઈ કામદારોનો હેલ્થ ચેક-અપ કેમ્પ યોજવામાં આવ્યો હતો.
- ગાંધીનગર જિલ્લાનો આજે ૧૩મો ગરીબ કલ્યાણ મેળો પ્રેક્ષાભારતી કોબા ખાતે યોજાશે.
- ડિફેન્સ એક્સપોને લઈ વાયબ્રન્ટ મોકૂફ રહેતાં અટકેલા કામો પુનઃ શરૂ થયા છે.
- ગાંધીનગર શહેરમાં આજે મુલાકાતીઓ મોટી સંખ્યામાં જોવા મળ્યા હતા.
- રાજયના સ્વાગત કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાના ૧૭ જેટલા પ્રશ્નો રજુ થયા હતા.
- ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના પરબતપુરા સીમમાં કુહાડીના ઘા ઝીંકી મજૂરની હત્યાનો બનાવ બનતાં પંથકમાં ગભરાટની લાગણી જોવા મળી રહી છે.
- દહેગામ સૂર્યકેતુ સોસાયટીમાં રહેતી શિક્ષિકા ઓરેવા લઈ મંદિર જઈ રહી હતી ત્યારે રસ્તામાં તે બંધ પડ્યા પછી ચાલુ કરવા જતાં ઓરેવા આગની જ્વાળાઓમાં સ્વાહા થઈ જતાં ઈલે. વાહનોના ઉપયોગને લઈ લોકોમાં ચિંતાની લાગણી પ્રસરી છે.
- ગાંધીનગર મનપા કચેરીના ભોંયતળિયે પી.આર.ઓ.ની કચેરી આજથી કાર્યરત થઈ છે.
- જિલ્લાના બજારોમાં બટાટાના નવા પાકની આવક શરૂ થઈ છે. બજારોમાં રાયડા, દિવેલા અને બટાટાના ભાવ સારા હોવાથી ખેડૂતો રાહત અનુભવી રહ્યા છે.


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

આઝાદી નો અમૃત મહોત્સવ





# ગરીબ કલ્યાણ મેળાનો ૧૨મો તબક્કો

તા. ૨૪મી થી ૨૬મી ફેબ્રુઆરી-૨૦૨૨ દરમ્યાન

૩૩ જિલ્લાઓમાં ૩૭ ગરીબ કલ્યાણ મેળાઓ યોજાશે







આજે રાજકોટ, આણંદ, ભરૂચ, પાટણ, ગાંધીનગર, ખેડા, મહેસાણા, સુરત, વડોદરા, કચ્છ, મોરબી જિલ્લામાં અને અમદાવાદ મહાનગરપાલિકામાં ગરીબ કલ્યાણ મેળાનું આયોજન

- અગિયાર તબક્કામાં યોજાયેલ ૧૫૩૦ ગરીબ કલ્યાણ મેળાઓ થકી ૧.૪૭ કરોડ લાભાર્થીઓને રૂા.૨૬,૯૭૯.૯૯ કરોડની સહાય : જેમાં ૧૪.૩૪ લાખ અનુસૂચિત જાતિના, ૩૫.૨૧ લાખ અનુસૂચિત જનજાતિના તથા ૬૫.૩૦ લાખ મહિલા લાભાર્થીઓનો સમાવેશ
- સ્વરોજગાર માટે જુદી-જુદી ટુલકીટ-સાધનોની સહાય
- તા.૨૪, ૨૫ અને ૨૬મી ફેબ્રુઆરી-૨૦૨૨ના રોજ ૩૩ જિલ્લાઓમાં ૩૭ ગરીબ કલ્યાણ મેળાઓ યોજાશે
- ૩૩ જિલ્લાઓ અને ૮ મહાનગરપાલિકાઓનો સમાવેશ
- ગરીબ લાભાર્થીઓને એક જ દિવસે એક જ સ્થળે યોજનાકીય લાભ આપવાનું આયોજન

વચેટીયાઓનું વર્ચસ્વ થયું નાબૂદ : સહાય પહોંચી ઘરે ઘરે

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિ

તા.૨૫.૦૨.૨૦૨૨ના રોજ મોરબી તેમજ તા.૨૬.૦૨.૨૦૨૨ના રોજ અમરેલી

છેવાડાના માનવીને ઘરઆંગણે જ સહાય આપવા માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ